# પ્રેસનોટ-:::

## અસ્પી બાગાયત અને વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના વિદ્યાર્થીઓની મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાત તથા તાલીમ

સ્ટુંડન્ટ રૂરલ એન્ટરપ્રિનરશીપ અવરનેશ ડેવલપમેન્ટ યોજના (સ્ટુડેંટ રેડી રાવે કાર્યક્રમ) અંતર્ગત તા.૨૨/૦૫/૨૦૨૪ ના રોજ અસ્પી બાગાયત અને વનીય મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના બી.એસસી (હોન્સ.) હોર્ટીકલ્ચર ના આઠમાં સેમીસ્ટરના ૬૪ વિદ્યાર્થીઓ સહિત ડૉ. આર. બી. આર્દેશના, સહ પ્રાધ્યાપક અને ડૉ. હેતલ રાઠોડ, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની મુલાકાતે આવેલ. આ અન્વયે મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ર્ડા. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી) દ્વારા સર્વે વિદ્યાર્થીઓને કેન્દ્ર ખાતે ચાલતી જુદા જુદા શાકભાજી પાકોના સંશોધન અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી. ત્યારબાદ સર્વે વિદ્યાર્થીઓને શ્રી કે. જે. વેકરીયા  (સીનીયર રીસર્ચ આસીસ્ટંટ) ધ્વારા શક્કરીયા અને વેલાવાળા શાકભાજી પાકોની અગત્યના અને કેન્દ્ર ખાતે ચાલતા સંશોધન વિશે માહિતગાર કરવામાં આવેલ હતા. ર્ડા. એમ. એમ. પંડયા (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) ધ્વારા ભીંડા પાકનું મહત્વ તથા કેન્દ્ર ખાતે ઉનાળુ ઋતુમાં હાથ ધરવામાં આવેલ અખતરાઓ તથા સંશોધનની માહિતી આપવામાં આવેલ. ડૉ. એન. એ. પટેલ (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક) ધ્વારા કેન્દ્ર ખાતેથી  બહાર પાડવામાં આવેલ શાકભાજીની સંશોધિત જાતો વિશે સંપૂર્ણ માહિતગાર કરવામાં આવેલ. ર્ડા. એમ. એમ. પંડયા અને ર્ડા. ઉજ્જવલ એન. પટેલ (સીનીયર રીસર્ચ ફેલો) દ્વારા સંશોધન ફાર્મ ની મુલાકાત લેવડાવામાં આવેલ.





